WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

# GUJARATI STUDY MATERIAL

## DETAILED STUDY MATERIAL

CREATED BY:

NEEL JOTANI

COPYRIGHTED MATERIAL

| | | |
|---|---|---|
| બંધ બનતા | ઉર્જા ઉત્પન થાય | ઉષ્માક્ષેપી પ્રક્રિયા |
| બંધ તોડવા | ઉર્જા આપવી પડે | ઉષ્માશોષી પ્રક્રિયા |

→કોઇપણ તત્વ "ઉત્કૃષ્ટ ગેસ"જેવી સ્થાયી ઇલેક્ટ્રોન વિન્યાસ પ્રાપ્ત કરવા બંધ બનાવે

| | |
|---|---|
| આયનિક બંધ | સહસંયોજક બંધ |
| ઉપસંયોજી બંધ | હાઇડ્રોજન બંધ |

## આયનિક બંધ/વિદ્યુત સંયોજક બંધ

"કોસલ સિધ્ધાંત અનુસાર જે બંધમા પરમાણુ **e** લઇને કે દઇને ઉત્કૃષ્ટ ગેસ જેવી ઇલેક્ટ્રોન વિન્યાસ પ્રાપ્ત કરે"

→આ બંધમા એક પરમાણુ **e** લઇ અને બીજો પરમાણુ **e** દઇ છુટા પડે તેથી બંને આયન બને છે....ત્યાર બાદ +ve પરમાણુ અને –ve પરમાણુ વચ્ચે "**સ્થીર વિદ્યુત આકર્ષણ**"થી તે બંને નિશ્ચીત અંતરે સ્થાયીત્વ પ્રાપ્ત કરે....જયાથી દુર પણ ન જાય....નજીક પણ ન આવે....




### આયનિક બંધ બનતી વખતે ઉર્જા

| | |
|---|---|
| Original બંધની ઉર્જા....તત્વોની ઉર્જાના સરવાળા કરતા ઓછી | કા.કે....બંધ બનતા ઉર્જા release થાય |

**ઉદા:**

$Na^+(g) + Cl^-(g) \longrightarrow Na^+Cl^-(s)$

આ પ્રોસેસમા "**Born Hyber cycle**"થી ઉર્જા પાંચ ચરણોમા પ્રોસેસ થાય છે

| | | |
|---|---|---|
| Na ની પ્રોસેસ: | | |
| (1)enthalpy sublimation $\Delta H_s$ | Na ઘનમાથી વાયુ બનશે | $Na_{(s)} \rightarrow Na_{(g)}$ <br> $\Delta H_s$=108.7 |
| (2)Ionization enthalpy(IE) | $Na_{(g)}$ માથી $Na^+$આયન બને | $Na_{(g)} \rightarrow Na^+ + e^-$ <br> IE=493.8 |
| Cl ની પ્રોસેસ: | | |
| (3)વિયોજન ઉર્જા ($\Delta H_{dis}$) | $Cl_{2(g)}$અણુ માથી $Cl_{(g)}$ પરમાણુ બને | $\frac{1}{2}Cl_{2(g)} \rightarrow Cl_{(g)}$ <br> $\Delta H_{dis}$=-120.9 |
| (4)electron affirnity(E.A) | $Cl_{(g)}$પરમાણુ માથી $Cl^-$આયન બને | $Cl_{(g)} + e^- \rightarrow Cl^-$ <br> E.A=-379.5 |
| NaClનુ નિર્માણ: | | |
| (5)lattice enthalpy $\Delta H_{lattice}$ | (ક્રિસ્ટલ કે જાલક બને) | $\Delta H_{lattice}$=-410.9 |

**Energy of formation=**

$\Delta H_s + IE + \Delta H_{dis} - EA + \Delta H_{latti} = \Delta H_f$

[108.7+493.8+(-120.9)-(-379.5)+(-410.9)]=**-410.9kJ mol**$^{-1}$

### આયનિક બંધ બનવાની સુગમતા/સંભાવના

(1)ધાતુની "**આયનન એન્થાલ્પી**"ઓછી હોય

(2)બીજા તત્વની "**ઇલેક્ટ્રોન બંધુતા**"વધારે

(3)"જાલક ઉર્જા" વધુ હોય

### આયનિક બંધ ના લક્ષણો:

(1)ક્રિસ્ટલીય ઘન હોય....નિયમિત ત્રિવિમિય સંરચના ધરાવે

(2)કઠોર અને ભંગુર

(3)ગલનાંક(melting) અને કવથંનાંક(boiling point) ઉચ્ચા

(4)જલમા જલ્દીથી વિલયન....પરંતુ "અધ્રુવી વિલાયકો"મા ઓછા વિલયન(અધ્રુવી વિલાયકો=ઇથર,આલ્કોહોલ)

(5)આયનિક બોન્ડના જલીય વિલયન "**વિદ્યુત ચાલકતા**"દેખાડે

(6)રંગ.....આયનના રંગ પર આધારિત

### કોસલ-લુઇસ રચના:

→આયનિક બંધ "કોસલ સિધ્ધાંત"પર આધારિત....

→પરંતુ કોસલ સિધ્ધાંતની મર્યાદા એ છે કે "તે આયનિક બંધની જેમ **અત્યંત વિદ્યુત ધનાત્મક અથવા અત્યંત વિદ્યુત ઋણાત્મક** માટે જ લાગુ

→બાકી માટે લુઇસે "સહસંયોજક બંધ"દર્શાવ્યા

**લુઇસ સંરચના પ્રમાણે આયનિક બંધ દર્શાવવા**




### સહસંયોજક બંધ:

"બે પરમાણુ **ઇલેક્ટ્રોન યુગ્મ** ના સહભાજન દ્વારા બનાવે"




 ને "લુઇસ પ્રતિક "કહેવામા આવે છે

આ બંધમા બંધ બન્યા બાદ તત્વો અષ્ટક પ્રાપ્ત કરી લે તેથી આને "**અષ્ટકનો નિયમ**"પણ કહેવાય

| | |
|---|---|
| એક **e** યુગ્મનુ સહભાજન | એકલ બંધ |
| બે **e** યુગ્મનુ સહભાજન | દ્વિ બંધ |
| ત્રણ **e** યુગ્મનુ સહભાજન | ત્રિ બંધ |
| બંધ બનવા વપરાતા **e** | બંધ યુગ્મ –bond pair |
| બંધમા ભાગ ન લે | એકાંકી યુગ્મ-lone pair |

### ધ્રુવીય સહસંયોજી બંધ:

→સહસંયોજક બંધમા ***સહભાજીત ઇલેક્ટ્રોન યુગ્મ*** "વધારે વિદ્યુત ઋણતા વાળા" પરમાણુ તરફ આકર્ષાય તેની *વધારે નજીક* થઇ જાય અને બંધ "ધ્રુવીય"બને

→ઉદા:  હાઇડ્રોજન અને કલોરીન વચ્ચેના આ બંધમા એવુ લાગે કે **e** બંને વચ્ચે સહભાજન થયેલ છે.....પરંતુ ખરેખર એવુ નથી .....કલોરીનના વધુ વિદ્યુત ઋણાત્મકતાને લીધે હાઇડ્રોજનનો **e** કલોરીન તરફ વધુ આકર્ષાયેલો રહે છે....તેથી કલોરીન"**આંશિક ઋણાયન**"અને હાઇડ્રોજન "**આંશિક ધનાયન**"બને....જેને ની ચે મુજબ દર્શાવાય

$$H^{\delta+} - Cl^{\delta-}$$

### ધ્રુવીય સહસંયોજી બંધ:

"જે બંધમા બંધના બંને ઇલેક્ટ્રોન એકજ પરમાણુ દ્વારા આપવામા આવે"

→આવા બંધમા ***એક અણુ=કેન્દ્ર અનુરાગી***અને *બીજો અણુ=ઇલેક્ટ્રોન અનુરાગી* હોય

→આમા બંધને $\longrightarrow$ વડે દર્શાવાય




આમા $BF_3$ને અષ્ટક પુરુ કરવા બે **e** જોઇએ પરંતુ તેની પાસે હવે એકપણ **e** બંધ બનાવવા નથી....અને $NH_3$પાસે અષ્ટક પુરુ થઇ ગયુ હોવા છતા બે વધારે **e** છે

| | |
|---|---|
|  |  |
| $NH_3 + H^+ \rightarrow NH_4^+$ | |

***ઉપસંયોજી VS સહસંયોજક બંધ***

અંતર માત્ર નિર્માણમા....... બન્યા પછી બને વચ્ચે ભેદ કરવો મુશ્કેલ

| ***electrophile*** | | ***nucliphile :*** | |
|---|---|---|---|
| બંધ બનાવવાની જરૂર | છે | બંધ બનાવવાની જરૂર | નથી |
| **e** યુગ્મ | નથી | **e** યુગ્મ | છે |

## ***સહસંયોજી સંયોજકોના ગુણધર્મો :***

| | |
|---|---|
| ૧ | અણુઓ વચ્ચે interaction બળ પ્રબળ<br>તેથી ***ગલનાંક – ક્વથનાંક ઓછા*** |
| ૨ | આયનની ઉપસ્થિતિ ન હોય<br>તેથી **વિદ્યુત ચાલકતા ઓછી** |
| ૩ | સામાન્યત : જલમા **અવિલેય**<br>પરંતુ ધ્રુવિય વિલાયક (બેન્ઝીન,કાર્બન ટેટ્રાકલોરાઇડ)મા **દ્યુલનશીલ** |

## ***હાઇડ્રોજન બંધ :***

"આ **પ્રબળ વિદ્યુત ઋણાત્મક પરમાણુ(O,N,F) ના બંધ મા રહેલ કોઇપણ H** અને **અન્ય પ્રબળ વિદ્યુત ઋણાત્મક પરમાણુ(O,N,F)ના બંધ વિનાના(lone pair) ઇલેક્ટ્રોન યુગ્મ** વચ્ચેનો બંધ"

==============================================



H—F ...... H—F

***હાઇડ્રોજન બંધનો ઉપયોગ :***

→જો કે **હાઇડ્રોજન બળ પ્રબળ ન હોય**....કા.કે.તેની બંધ ઉર્જા માત્ર 4 to 25 kJ $mol^{-1}$ હોય....જે સહસંયોજક બંધ ની "સૈકડો kJ $mol^{-1}$"સામે **નગણ્ય**

→પરંતુ આ બંધ એટલો પ્રબળ કે તે **ક્વથનાંક(boiling point)**વધારી દે

***હાઇડ્રોજન બંધના ઉદા :***

→પાણીની પ્રવાહી અવસ્થા

→બરફનુ ઓછુ ઘનત્વ

| ***હાઇડ્રોજન બંધ+ઉપસંયોજી બંધ*** | |
|---|---|
| <br>o-नाइट्रोफीनोल | <br>सैलिसिलएल्डीहाइड |

## ***VSEPR સંયોજકતા કોશ ઇલેક્ટ્રોન યુગ્મ પ્રતિકર્ષણ સિધ્ધાંત***

"આ સિધ્ધાંત અણુના કેન્દ્રિય પરમાણુ...ના સંયોજકતા કોશમા ઉપસ્થિત...ઇલેક્ટ્રોન યુગ્મ પર આધારિત"

→બે અભિધારણા :

૧ કોઇ **અણુ** (ઉદા :$BeCl_2$) ના કેન્દ્રિય **પરમાણુ**($BeCl_2$ મા Be)મા ઉપસ્થિત ઇલેક્ટ્રોન યુગ્મ (both bond pair and lone pair)પોતાને એવી રીતે વ્યવસ્થિત કરે કે તેમના વચ્ચે ન્યુનતમ **અપાકર્ષણ બળ** લાગે



| **$BF_3$** | કેન્દ્રીય પરમાણુ Bની **સંયોજકતા કોશમા** ત્રણ **e** છે....હવે બંધ બનતા Fના બીજા ત્રણ આવે |
|---|---|
|  | હવે **સંયોજકતા કોશમા** મા 6 **e** એટલે કે 3 યુગ્મ છે જે $120^0$નો કોણ બનાવે |

***VSPER થીયરી મુજબ દરેકને અલગ અલગ આકૃતિઓ :***

| અણુ | ***e યુગ્મ*** | આકૃતિ | સંરચના | ઉદા |
|---|---|---|---|---|
| $AX_2$ | 2 | રેખીય |  | |
| $AX_3$ | 3 | સમબાજુ ત્રિકોણ |  | |
| $AX_4$ | 4 | ચતુ ફલકિય |  | |
| $AX_5$ | 5 | ત્રિકોણીય દ્વિપિરામેડી |  | |
| $AX_6$ | 6 | અષ્ટફલકીય |  | |

૨ Lone pair-Lone pair વચ્ચે અપાકર્ષણ > Lone pair-bond pair વચ્ચે અપાકર્ષણ > bond pair-bond pair વચ્ચે અપાકર્ષણ

ઉપર આપેલ આકૃતિ ત્યારે બને જ્યારે માત્ર **બોન્ડ પેર હોય....**ઘણી વાર bond pair સાથે lone pair હોય ત્યારે આ પુર્વધારણા મુજબ આકૃતિ વિકૃત થાય

**ઉદા :**

| **મિથેન $CH_4$** | | | **એમોનિયા $NH_3$** | | **પાણી $H_2O$** |
|---|---|---|---|---|---|
| આ ત્રણેમા કેન્દ્રિય પરમાણુની ચારેબાજુ **4 e pair** છે<br>કા.કે તેમા **lone pair** છે....જે આકૃતિ વિકૃત કરે | | | | | |
| અણુ | bond pair | lone pair | આકૃતિ | સંરચના | |
| $CH_4$ | 4 | 0 | ચતુ ફલકિય |  | 109.5 |
| $NH_3$ | 3 | 1 | ત્રિકોણીય દ્વિપિરામેડી |  | 107 |
| $H_2O$ | 2 | 2 | બેન્ટ |  | 104.5 |

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

## *VBT સંયોજકતા બંધ સિધ્ધાંત :*

**સિધ્ધાંત :**જ્યારે રાસાયણિક બંધ બનવાની પ્રકિયામા બે પરમાણુ એકબીજાની નજીક આવે ત્યારે પરમાણુ **કક્ષકોનુ overlapping** થાય છે.....

→**બંધની પ્રબલત** કક્ષકોના overlappingની માત્રા અને પ્રભાવકારી પર આધારિત.....

| | |
|---|---|
| જેમ overlapping વધુ | તેમ બંધ પ્રબળ |

*ઉદા :*



બંધ લંબાઇ equilibrium point દર્શાવે....ત્યા સુધી બે પરમાણુ વચ્ચે આકર્ષણ થાય અને bond બને....જો હજુ નજીક લવાય તો **અપાકર્ષણ** થવા લાગે

→હાઇડ્રોજન પરમાણુ જ્યારે દુર દુર....બંને ના **e** પોતાના કક્ષકમા હોય.....પણ જેમ જેમ તે નજીક આવતા જાય....તેમ તેમ કક્ષકોનુ overlapping થતુ જાય....અને તેની ઉર્જા ઓછી થતી જાય(કા.કે bond formation વખતે ઉર્જા ઉત્પન થાય)....**બંધ લંબાઇના બરાબર અંતરે overlapping maximum અને ઉર્જા ન્યુનતમ થાય**

→**કક્ષકોના** common ક્ષેત્રમા રહેલ **e** પર બંને પરમાણુના નાભિક અસર કરે

## *સંકરણ - Hybridization :*

**કક્ષકમા** [↓↑] આ પ્રકારની રચના હોય....જો **પરમાણુએ** બંધ બનાવવો હોય તો તે સરખા **બે વિપરિત** ઇલેકટ્રોન જોડાવા પડે

ઉદા ....**X** પરમાણુની [↑ ] આવી રચના સાથે Y ની [ ↓] રચના જોડાય છે....આ બાબત પર સંકરણ નો આધાર છે

## *Hybridization ના પ્રકારો :*

### *$BeH_2$*

→**બેરેલિયમ**ની ઇલેકટ્રોનિક રચના : $1s^2\ 2s^2$

[↑↓] [↑↓]
1s 2s

→બંધ બનાવવા તેને Hના 1s [↓ ] કક્ષક સાથે overlapping કરવુ પડે....પરંતુ તેના માટે તેની પાસે [↑ ] કક્ષક જોઇએ........તેથી.....તે ક્ષણ ભર ઉતેજીત થઇ.....



હવે એક Hના 1s [↓ ] જોડાઇ જાય

બીજો Hના 1s [↓ ] જોડાઇ જાય

→**આમ *$BeH_2$* બને........**

→પરંતુ, એક સમસ્યા એવી છે કે.....

| | |
|---|---|
| પહેલા Hની 1s કક્ષક | Be ના **2s** સાથે બંધ બનાવે |
| બીજા Hની 1s કક્ષક | Be ના **2p** સાથે બંધ બનાવે |

તેથી બંનેના ગુણધર્મો **અલગ હોવા જોઇએ.....પણ એવુ બનતુ નથી બંનેના ગુણધર્મો સમાન જોવા મળે છે....તેનુ કારણ "સંકરણ" છે**

## *sp સંકરણ -spHybridization :*

"જ્યારે એક એક અયુગ્મિત ઇલેકટ્રોનવાળા 2s અને 2p કક્ષક સંકરીત થઇ sp **સંકરિત કક્ષક** બનાવે તેને....."



આમ તે એક sp નુ સંયુકત કક્ષક બને....તેથી તેમા સમાન ગુણધર્મો જોવા મળે....(કા.કે.સમાન કક્ષક=સમાન ગુણધર્મો)




s-કક્ષક + p-કક્ષક = sp-સંકરણ




$BeCl_2$ બંધ

યાદા રાખો : ***સંકરિત કક્ષક Z અક્ષ પર હોય***

## *$sp^2$ સંકરણ –$sp^2$ Hybridization :*

"જ્યારે અયુગ્મિત ઇલેકટ્રોનવાળા **એક** 2s અને **બે** 2p કક્ષક સંકરીત થઇ $sp^2$ **સંકરિત કક્ષક** બનાવે તેને....."

### બોરોન ટ્રાયકલોરાઇડ







s+p+p | $sp^2$ સંકરણ | $BCl_3$ બંધ

## *$sp^3$ સંકરણ –$sp^3$ Hybridization :*

"જ્યારે અયુગ્મિત ઇલેકટ્રોનવાળા **એક** 2s અને **ત્રણ** 2p કક્ષક સંકરીત થઇ $sp^3$ **સંકરિત કક્ષક** બનાવે તેને....."

### મિથેન











### *$sp^3d$ સંકરણ –ફોસ્ફરસ પેન્ટાક્લોરાઇડ $PCl_5$ :*







ત્રણ P-Cl બંધ $120^0$
બાકી બે P-Cl બંધ $90^0$

### *$sp^3d^2$ સંકરણ –$SF_6$ :*







## બહૂ આબંધ

અત્યાર સુધી માત્ર એવા બંધનુ સંકરણ જોયુ જેમા **એક કેન્દ્રીક પરમાણુ** હતો.....**પણ જ્યારે વધારે કેન્દ્રીક પરમાણુ હોય ત્યારે..........**

## सिग्मा (σ) आबंध

→બંધ હંમેશા **Z અક્ષ પર બને.....જેને** *"આબંધ અન્તરાનાભિકિય અક્ષ"* કહેવાય

**"જ્યારે overlapping આ આબંધ અન્તરાનાભિકિય અક્ષ પર થાય તો તે પુર્ણ હોય અને તેનાથી σ બંધ બને"**




**ઇથેન($C_2H_6$)**




→હવે મિથેનમા છેલ્લી કક્ષા જે બંધ બનાવે તે **$sp^3$ સંકરણ** છે તેથી તે **કાર્બન પરમાણુ** હાઇડ્રોજનના 1s સાથે overlapping દ્વારા ચાર σબંધ બનાવ

→તેવી જ રીતે ઇથેનમા પણ થાય ......જેમા **$sp^3$ સંકરણ ત્રણ બંધ H સાથે..........** એક σબંધ z-અક્ષ પર કાર્બન સાથે બનાવે

## पाइ ( π आबंध )

**"જ્યારે *અસંકરિત કક્ષક* z-અક્ષને લંબ overlapping કરે ત્યારે બંધ અક્ષ z-અક્ષ પર શુન્ય ઇલેકટ્રોન હોય.....અને ઉપર-નીચે વધુ ઇલેકટ્રોન હોય આ બંધ π બંધ કહેવાય"**




### ઇથિન($C_2H_4$)

ઇથિનમા માત્ર બે હાઇડ્રોજન અને એક કાર્બન સાથે બોન્ડ બનાવે

→C માટે..........

[↑] [↑][↑][↑]

2s $p_x$ $p_y$ $p_z$

જેમાથી 2s એ $p_x$ ,$p_y$સાથે મળી **$sp^2$** સંકરણ બનાવી બે હાઇડ્રોજન અને એક કાર્બન સાથે એમ **ત્રણ σ બંધ બનાવે**

[↑][↑][↑] [↑]

$sp^2$ સંકરણ $p_z$




હવે બંને કાર્બનનો એક એક વધેલો **p-કક્ષક z-અક્ષ (z તલ)ની બહાર overlapping** કરશે જે π બંધ છે






**જે C-C બંધ વચ્ચેના σ બંધને આવરણ આપે**







તેથી બે કાર્બન પરમાણુ વચ્ચે બે આ બંધ બને એક **σ બંધ** અને એક π બંધ

શા માટે એક **σ બંધ** અને એક π બંધ બને ????
બે **σ બંધ** કેમ ન બને ????

કા.કે. હાઇબ્રિડાઇસન પછી.....

ઉદા : $C_2H_4$ માટે વિચારીએ ........




કાર્બનમા આ ચાર માટે બોન્ડ બનાવવાનો થાય....હવે બોન્ડ બનાવવા સામે બે હાઇડ્રોજન અને એક કાર્બન છે....તેથી ...

| | |
|---|---|
| બે હાઇડ્રોજન | **s** ગોળકાર કક્ષક હોવાથી ગમે તે દિશામાથી **bond** બનાવે |
| એક કાર્બન | **p** કક્ષક હોવાથી કાંતો **x** અથવા **y** અથવા **z** બનાવી શકે<br>એટલે કે માત્ર ગમે તે એક જ દિશામા પુર્ણ બોન્ડ બનાવી શકે |

તેથી **total** ત્રણ પુર્ણ બોન્ડ માટે....




આ બધી વિલેય થઇ નવુ જ માળખુ બનાવે.......



આવા ત્રણ **$sp^2$** કક્ષક બનાવી નાખે......પણ એક **p** એમ જ રહે
આ ચારેય ભેગા મળી **VSPER** થીયરી મુજબ આકૃતિ બનાવી નાખે જેનીચે મુજબ રચના બનાવે




ત્રણ **$sp^2$** માથી બે H ગમે તે અક્ષ પર જોડાય કા.કે.તે માત્ર s orbital છે.....પણ બાકીની એક **$sp^2$** બીજા કાર્બન સાથે જોડાયને σ બનાવે અને બાકી એકલી રહેલ **p** હંમેશા c-c વચ્ચે σ bond બને છે તેના વિપરિત અક્ષ પર જ હશે .એટલે બાકીના બધાય આંશિક જોડાય π બનાવે

**ટુંકમા કોઇ પણ સરખા અણુ એક જ σ બંધ બનાવે બાકીના ઇલેકટ્રોન માટે હંમેશા π બંધ બનાવશે**

### ઇથાઇન($C_2H_2$)

આવી રીતે ઇથાઇનમા **બે π બંધ** બનશે